નમસ્કાર ગાંધીનગર

પમરાટ

બારી સુધી ગયા ને દીવાલો સુધી ગયા,
અંતે દીવાલ ભેદી વિચારો સુધી ગયા.
અણસાર તોય પામ્યા ના તારા સ્વરૂપનો,
લઇ રંગ ને આકાર પિકાસો સુધી ગયા.
કેવા સરસ મુકામે જો પહોંચી છે આ સફર,
પગપાળા ચાલનારા વિમાનો સુધી ગયા !
- અશરફ ડબાવાલા.

પાથેય

- રમેશ ઠક્કર

લયથી દેવાલય સુધી

સત્ય કોઈ અંતિમ ઉપર આવીને અટકવું નથી..એના અનેક આયામો છે..કોઈને હું રામ દેખાતું કોઈને શ્યામ લાગું..કોઈકને સીધો સાદો માણસ લાગું એ જોનારની નજર ઉપર છે..આપણી દ્રષ્ટિ પણ સાપેક્ષ હોય છે..અને એટલે જ એમાં અંગત ગમા અણગમા કે ઉછેર વગેરે બાબતો પણ મહત્ત્વની બની જાય છે..આપણી આસપાસ જે મકાન છે એ બંધિયાર જેવું છે. આપણે એની એકાદી બારી સુધી જઈને એનો અંદાજ મેળવતા રહીએ છીએ..બહુ બહુ તો એની દીવાલના સ્પર્શ સુધી પહોંચીને સિમિત અનુભવ કરતા રહીએ..આપણે આ બંધિયારપણાની દીવાલને ભેદી બહાર નિકળીએ તો જ સાચા વિચાર માટેની ઉડાન ભરી શકીએ..ખૂબ અઘરું હોય છે આ કામ..ચીલે ચાલવાની આપણી ટેવ જન્મજાત હોય છે..અને એટલે જ દુનિયામાં જે માણસો પોતાની રીતે કેડી કંડારી સફર કરતા રહે એની જ બોલબાલા થતી રહે છે.

જગતમાં સાચું શું અને ખોટું શું એના ઉપરનું ચિંતન ચાલતું રહ્યું છે.આપણે જેને ઈશ્વર કે કોઈક ગેબી તત્વ માનીએ છીએ એની તલાશ એ આપણી તાલાવેલી બની રહે છે..એનો એકાદો અણસાર જો મળી જાય તો પણ જીવનનો ફેરો સાર્થક એવું આપણે માનતા રહીએ છીએ..એમાં ઘણીવાર આપણા ભૌતિક કે દુન્યવી માપદંડો નથી ચાલતા..કોઈ સંત,કોઈ કવિ ,કોઈ સંગીતકાર કે કોઈક ચિત્રકાર એની કલા કે સર્જકતા થકી એના રંગ રૂપનો એહસાસ કરી શકતો હોય છે..આપણે ત્યાં શબ્દને બ્રહ્મ કહ્યો છે...સંગીત એ આત્માનો અવાજ ગણાય છે..ભલભલા સજજતા સાથે જે આકારનું રહસ્ય પામી ના શકાય એ પિકાસો જેવા એકાદ નાનકડી પીંછીના લસરકામાં વ્યકત કરી દેતા હોય છે !

આજે જે બાબત આપણને રહસ્યમય લાગે એ કયારેક સહજ પણ લાગે..આપણું ભ્રમનિરસન કે જ્ઞાનની વધતી ક્ષિતિજો કયારેક અટપટી લાગતી કોઈ ચીજને સામાન્ય બનાવી નાખે છે..ત્યારે ખોદયો ડુંગર અને નિકળ્યો ઉંદર જેવી અનુભૂતિ થાય છે..ચાલવું એ ગતાનુગતિક બની જાય તો ભાર બની જાય..એમાં જો બદલાવ કે નવી દિશા મોતી રહે તો જ એનો સાચો અર્થ સમજાય..કોઈપણ સફર ગમે તેટલી વિકટ હોય પણ જો એનો મુકામ સરસ હોય તો એનો થાક લાગતો નથી..સાતત્ય એ આપવા માટેની પરમ શરત છે..આજે પગપાળા ચાલતો માણસ ક્રમશઃ હવાઈ મુસાફરી સુધી પહોંચી જાય તો એમાં નવાઈ પામવા જેવું હોતું નથી..ખાલી ચાલવાના અર્થમાં ચાલ્યા પછી ઉભા રહી જવું એ દરવાજા જેવું હોય છે ! ચાલવું અને દિશા પ્રાપ્ત કરવી એ ગહન બાબત છે..ચાલવાનો થાક હોઈ શકે..ગતિ આનંદમય હોય છે..જગત આખું ગતિમય છે..ચાલવું એકધારું હોઈ શકે ગતિનો એક લય હોય છે..આ સુમધુર લય એ જ જીવનના વલયને દેવાલય તરફ લઈ જતો હોય છે !

ઉત્તરપ્રદેશના મંત્રીમંડળમાં સખળડખળ

તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશ દેશ આખાના રાજકારણનું એપીસેન્ટર છે. દિલ્હી પહોંચતો રાજમાર્ગ લખનૌ થઈને પસાર થાય છે. આથી મોરારજી દેસાઈ, દેવગોવડા અને ગુજરાત તથા મનમોહન સિંહ સિવાયના સક્ષમ વડાપ્રધાનોએ ઉત્તરપ્રદેશની કોઈ ને કોઈ સંસદીય બેઠક પરથી ચૂંટાવાનું પસંદ કર્યું હતું. નરેન્દ્ર મોદીએ ગુજરાતની વડોદરા સંસદીય બેઠક છોડીને વારાણસી બેઠક જાળવી રાખી હતી એમ વાજપેયી પણ લખનૌની બેઠક પર કળશ ઢોળતા રહ્યા હતા. મનમોહનસિંહે તો સોનિયા ગાંધીના પ્રતિનિધિ તરીકે વડાપ્રધાન પદ ભોગવ્યું હતું. ગાંધી-નહેરુ પરિવાર ઉત્તરપ્રદેશ પર દબદબો જાળવતો રહ્યો છે. એ જુદી વાત છે કે અમેઠીની બેઠક અસલામત લાગતાં રાહુલ ગાંધીએ દક્ષિણ ભારતની વાયનાડ બેઠક પરથી પણ ઉમેદવારી કરી હતી અને ત્યાંથી ચૂંટાઈ શક્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય વારસ તરીકે જેમનું નામ વારંવાર ચર્ચાતું રહ્યુ છે તેવા યોગી આદિત્યનાથ પોતે ઉત્તરપ્રદેશની ગોરખપુર બેઠકનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે. એમના ગુરુ મહંત અવેદ્યનાથ પણ અગાઉ એ જ હતા - હવે જયારે ઉત્તરપ્રદેશ પર સુવાંગ કબજો મેળવવામાં ભારતીય જનતા પાર્ટીને ધારી સફળતા મળી છે ત્યારે વિધાનસભામાં ઉમેદવારી નહીં કરી હોવા છતાં યોગી આદિત્યનાથને વિવિધ રાજકીય ગણતરીઓથી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી બનાવાયા એ પછી સતત યોગી આદિતયનાથ મોદી અને અમિત શાહની લગોલગ રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસતા રહ્યા છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખભે બેસાડીને દિલ્હી પહોંચાડનાર રાજનાથસિંહ ધીરે ધીરે હાંસિયે ધકેલાઈ ગયા છે. આયોજનપૂર્વક યોગી આદિત્યનાથને ભારતીય જનતા પાર્ટી મોદીની રાજકીય વારસ તરીકે પ્રસ્તુત કરી રહી છે અને એમના 'હિંદુત્વ' કાર્ડને ધાર કાઢવામાં કોઈ કચાશ ન રહે તે રીતે યોગીને 'બુલડોઝર બાબા' જેવી ખોફનાખ છતાં હિંદુ હિત રક્ષક તરીકેની ઓળખ ઉપલબ્ધ કરાવાઈ છે. યોગી કરતાં પાર્ટીના સિનિયર પ્રાદેશિક નેતાઓને ચૂપ કરી દેવાયા છે. દલિત નેતા અને નાયબ મુખ્યમંત્રી કેશળ પ્રસાદ મૌર્ય હોય કે બ્રાહ્મણ નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક હોય - એમને ચુપચાપ યોગીના હાથ મજબૂત કરવાના છે. મંત્રીમંડળમાં રાજયકક્ષાના મંત્રી દિનેશ ખટીકને આટલા લાંબા સમય સુધી કશું જ કામ સોંપાયું નથી અને મંત્રીથી લઈ અધિકારીઓ પણ એમની રજૂઆતો પર ધ્યાન નહીં આપતા હોઈ એમને નારાજ થઈને રાજીનામું લખી નાખ્યું છે. રાજીનામાનો પત્ર ઉત્તરપ્રદેશના વાલી તરીકે ફરજ બજાવતા અમિત શાહ પર મોકલાયો છે. એ જ રીતે કોંગ્રેસના એક સમયના વરિષ્ઠ નેતા જિતેન્દ્ર પ્રસાદના પુત્ર અને પૂર્વાંચલના વગ ધરાવતા બ્રાહ્મણ ચહેરા તરીકે પક્ષપલટો કરાવી મંત્રી બનાવાયેલ જિતિન પ્રસાદ પણ એમની સતત થતી ઉપેક્ષાથી નારાજ છે. એમના માનીતા ઓએસડીની બદલી કરી દેવાયેલ છે. યોગી આદિત્યનાથ એ નરેન્દ્ર મોદી નથી કે કોઈ એમની વિરુદ્ધ હરફ સરખો ઉચ્ચારી ન શકે. ઉત્તરપ્રદેશ પર પકડ મજબૂત કરવા માટે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના નેતાઓને તોડવાનો અને ભાજપ સાથે જોડવાનો સિલસિલો ચાલુ જ છે. મુલાયમસિંહ અને માયાવતી સામે એમના શાસનકાળની ફાઈલો તૈયાર છે. મુલાયમસિંહના નાનાભાઈ શિવપાલ યાદવ પોતાની નાનકડી મંડળી સાથે મોદી-શાહના સંપર્કમાં જ રહે છે. આદિત્યનાથથી વિરુદ્ધ સમસ્ત મુસ્લિમ સમાજ છે. આ સંજોગોમાં એ મોટી જેવી વ્યાપક લોકપ્રિયતા મેળવી શકે કે કેમ તે પ્રશ્ન જ રહે છે.

વિદુર-વચન અણમોલ !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

હવે ધૃતરાષ્ટ્રને ચિંતા પેઠી. સંજયે સમાચાર આપ્યા : (૧) દુર્યોધને સંધિ સ્વીકારી નથી. યુદ્ધ અનિવાર્ય છે. (૨) પાંડવોની સેના યુદ્ધકૌશલ્યમાં કૌરવોથી ચડિયાતી છે. એણે માનસિક શાંતિ માટે વિદુરને બોલાવ્યા. વિદુર તો ખરેખર ધર્મરાજ યમ જ હતા. પરંતુ માંડવ્ય ઋષિના શાપને કારણે માનવ અવતાર લેવો પડ્યો. અને કુરુવંશમાં જન્મ લીધો હતો. ધૃતરાષ્ટ્રના નાના ભાઈ હતા. એમણે આવીને ધૃતરાષ્ટ્રને ધર્મ અને નીતિની વાતો કરી. મહાભારતમાં આ અંશ માઠ અધ્યાયમાં છે. (ઉદ્યોગ પર્વ - અધ્યાય ૩૦ થી ૪૦). આ અંશ 'વિદુર નીતિ' તરીકે જાણીતો છે. આમાંના કેટલાંક નીતિવચનો આ પ્રમાણે છે :

(૧) જેની કાર્યપદ્ધતિને ઠંડી, ગરમી, ભય, પ્રેમ, સમૃદ્ધિ ગરીબાઈ - આમાંનું કોઈ અટકાવી શકતું નથી, એ સજજન છે.

(૨) જે વગર બોલાવ્યે આવી જાય, ન પૂછ્યું હોય તો પણ બોલબોલ કર્યા કરે, અવિશ્વાસુ ઉપર પણ વિશ્વાસ મૂકે; એ હલકો માણસ મૂરખ છે.

(૩) જો કોઈ માણસ પોતે એકલો જ સ્વાદિષ્ટ ભોજન લે અથવા સુંદર

વસ્ત્રો પહેરે; પરંતુ પોતાના આશ્રિતોને કશું જ ન આપે - તો આનાથી વધુ ઘાતકી માણસ કોણ હોય ?

(૪) સૌ કોઈને ક્ષમા આપ્યા કરતો હોય, એ માણસને એક જ તકલીફ છે બીજા લોકો એને નબળો સમજે છે પરંતુ આ દોષ નથી. ક્ષમા જ વીરપુરુષોનું ઘરેણું છે.

(૫) આ બે જણાંને ગળે મોટો પથ્થર બાંધીને, ઊંડા પાણીમાં ફેંકી દેવા - દાન નહિ આપનારો ધનિક પુરુષ અને દુઃખો સહન ન કરી શકતો નિર્ધન પુરુષ

(૬) આ ત્રણ દોષો વિનાશને નોતરે છે - બીજાનું ધન હરી લેવું, બીજાંની પત્નીને પરેશાન કરવી અને પોતાના મિત્રને છોડી દેવો.

(૭) બાણોથી વિંધાયેલું હોય, કે પરશુથી છેડાયેલું હોય; એ વન તો ફરીથી ઊગે છે - પરંતુ ખોટી રીતે કહેવાયેલાં હોય એવાં તિરસ્કાર વાળા વચનો; જે ઘાવ પહોંચાડે છે, એ ફરીથી રૂઝાતાં નથી.

(૮) હે રાજા! તને ગમે એવું બોલનારા માણસો તો તને આસાનાથી મળી રહેશે - પરંતુ કડવું હોય અને છતાં હિતકારક હોય; એવું બોલનારા અથવા સાંભળનારા, તને આસાનાથી નહિ મળે.

(૯) સૌ કોઈના પરિવારમાં સ્ત્રીઓ કાયમને માટે પૂજાને લાયક છે; એ લક્ષ્મી છે, પવિત્ર છે, ઘરની દીવડી છે એટલે એના માટે વિશેષ કાળજી લેવી.

(૧૦) પોતાની પુત્રવધૂની મશ્કરી કર્યા કરે, અને પુત્રવધૂને અપમાન થાય - ત્યારે સાક્ષીભાવે જોયા કરે, એ માણસ મૂર્ખ છે.

(૧૧) પોતાની પાસે અઢળક સમૃદ્ધિ આવે, વિદ્યાભ્યાસમાં અતિશય પ્રગતિ કરીને આગળ વધવાનું થાય - તો પણ જનસમાજમાં તે એકદમ હળવાશથી હરતો ફરતો હોય અને સૌ કોઈએ હળવો મળતા હોય - એ માણસ સાક્ષર છે.

ધર્માત્માના આ ઉપદેશો આજે પણ પ્રસ્તુત છે.

જૈનોનું તીર્થધામ શંખેશ્વર કયા જિલ્લામાં આવેલું છે ?

ગુજરાતની ભૂગોળ

ખજાનો
અનિલ પટેલ

૧ સુરસાગર તળાવ કયાં આવેલું છે?
(અ) ડભોઈ (બ) વડોદરા
(ક) પાટણ (ડ) વિરમગામ

૨ કાકરાપાર બંધ કઈ નદી પર બાંધવામાં આવેલ છે?
(અ) મહી (બ) સાબરમતી
(ક) અંબિકા (ડ) તાપી

૩ જૈનોનું તીર્થધામ શંખેશ્વર કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) મહેસાણા (બ) કચ્છ
(ક) પાટણ (ડ) અમદાવાદ

૪ કયુ શહેર ભોગાવો નદીના કિનારે આવેલું છે ?
(અ) સુરેન્દ્રનગર (બ) બોટાદ
(ક) મોરબી (ડ) વિરમગામ

૫ પ્રસિદ્ધ મલાવ તળાવ કયાં આવેલું છે ?
(અ) જામનગર (બ) ધોળકા
(ક) ધંધુકા (ડ) રાણપુર

૬ ટાઈલ્સ બનાવવાની સૌથી વધુ ફેકટરીઓ કયાં આવેલી છે ?
(અ) હિંમતનગર (બ) અંબાજી
(ક) મોરબી (ડ) રાજકોટ

૭ આણંદ જિલ્લાનું વાસદ કયા કઠોર પાક માટે ખુબ જાણીતું છે ?
(અ) મગદાળ (બ) અડદ દાળ
(ક) ચણા દાળ (ડ) તુવેર દાળ

૮ દર વર્ષે તાનારીરી સંગીત મહોત્સવ કયાં યોજાય છે ?
(અ) મોઢેરા (બ) સિદ્ધપુર
(ક) વડનગર (ડ) પાટણ

૯ મુસ્લિમોનું યાત્રાધામ હાજીપીર કયા જિલ્લામાં આવેલું છે?
(અ) કચ્છ (બ) ઉનાવા - મહેસાણા
(ક) ભડીયાદ (અમદાવાદ) (ડ) વડોદરા

૧૦ શાર્ક માછળીના તેલને રિફાઈન્ડ કરવાની રિફાઈનરી કયાં આવેલી છે?
(અ) પોરબંદર (બ) વેરાવળ
(ક) ઓખા (ડ) ભાવનગર

૧૧ રંગ રસાયણ ઉદ્યોગ માટે મહત્તવનું જાણીતું સ્થળ કયું છે?
(અ) રાજકોટ (બ) અમદાવાદ
(ક) મીઠાપુર (ડ) વડોદરા

૧૨ લિગ્નાઈટ કોલસો નીચેનામાંથી કયા જિલ્લામાંથી મળે છે ?
(અ) જૂનાગઢ (બ) જામનગર
(ક) સાબરકાંઠા (ડ) કચ્છ

૧૩ મગદલ્લા બંદર કઈ નદીના મુખ પાસે છે ?
(અ) મહી (બ) સાબરમતી
(ક) નર્મદા (ડ) તાપી

૧૪ આયુર્વેદ યુનિવર્સિટીનું મુખ્યમથક કયાં આવેલું છે ?
(અ) ભાવનગર (બ) જામનગર
(ક) વડોદરા (ડ) આણંદ

૧૫ મુક્તેશ્વર સિંચાઈ યોજના કઈ નદી પર છે?
(અ) સરસ્વતી (બ) બનાસ
(ક) મેશ્વો (ડ) સાબરમતી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

● ૨૨ જુલાઈ :
- જર્મન એસ્ટ્રોનોમર ફ્રિન્ડરીચ વિલીયમ બર્સેલનો જન્મદિવસ (૧૭૮૪)
- નોર્વેના યુટોઆ અને ઓસ્લો ખાતે આતંકવાદી હુમોલ થયો જેમાં ૭૭ લોકો માર્યા ગયા (૨૦૧૧)
- અમેરીકન પાયલોટ વિલી પોસ્ટે સોલો ફલાઈટ દ્વારા પૃથ્વીનું પરિભ્રમણ ૭ દિવસ, ૧૮ કલાક અને ૫૭ મિનિટમાં કર્યું. (૧૯૩૩)
- પ્રથમ પંક્તિના ગાયક મુકેશકુમારનો જન્મદિવસ (૧૯૨૩)

● ૨૩ જુલાઈ :
- દેશનો પ્રથમ કમર્શિયલ રેડિયો સ્ટેશન મુંબઈમાં શરૂ થયું (૧૯૨૭)
- ઈથોપિયાના રાજા હેઈલે સેલાસીસનો જન્મદિવસ (૧૮૯૨)
- અમેરિકાની સ્પેશમાં જનાર પ્રથમ મહિલા અવકાશયાત્રી સીલે રીડેનું ૬૧ વર્ષની વયે અવસાન થયું (૨૦૧૨)
- નાશાના કોલંબીયા સ્પેસ શટલનું કમાન્ડ કરનાર એલીન કુલીન્સ પ્રથમ મહલા અવકાશયાત્રી બની (૧૯૯૯)

● ૨૪ જુલાઈ :
- વિપ્રોના માલિક અજીમ પ્રેમજીનો જન્મદિવસ (૧૯૪૫)
- મશહુર અમેરિકન જોકી જુલી કોનેનો જન્મદિવસ (૧૯૬૩)
- જાણીતા ફ્રેંચ સાહિત્યકાર એલેકઝેન્ડર ડુમાસનો જન્મદિવસ (૧૯૬૩)
- એટલાન્ટીક સમુદ્ર પરથી ઉડ્યન કરનાર પ્રથમ મહિલા એમેલિયા અર્થહાર્ટનો જન્મદિવસ (૧૯૮૭)

● ૨૫ જુલાઈ :
- પર્યાવરણવાદી જિમ કાર્બેટનો જન્મદિવસ (૧૮૭૫)
- પ્રતિભા પાટીલ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા (૨૦૦૭)
- એર ફ્રાન્સ ફલાઈટ ૪૫૯૦ કોનકર્ડ પ્લેન દુર્ઘટના ગ્રસ્ત થતાં ૧૦૯ લોકોનાં મોત થયા (૨૦૦૦)
- રશિયાનાં મહિલા અવકાસયાત્રી સ્પેશ વોક કરનાર પ્રથમ મહિલા બન્યા (૧૯૮૪)

● ૨૬ જુલાઈ : કારગિલ વિજય દિવસ
- ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન જહોન હોવર્ડનો જન્મદિવસ (૧૯૩૯)
- બ્રિટીશ લેખક એડોલ્સ હકસલેનો જન્મદિવસ (૧૮૯૪)
- પ્રખર નાટ્યકાર જયોર્જ બર્નાડ શાં નો જન્મદિવસ (૧૮૫૬)
- ઈટાલિયન પેસેન્જર જહાન એન્ડ્રીયા ડોરિયા એટલાન્ટીક સમુદ્રમાં પલ્ટી જતાં ૫૧ લોકોના મોત થયા (૧૯૫૬)

● ૨૭ જુલાઈ :
- એટલાન્ટા ઓલમ્પિકમાં બોમ્બ દ્વારા આતંકવાદી હુમલો થયો (૧૯૯૬)
- વિલ્બર અને ઓરવીલ રાઈટ્સ બ્રધર દ્વારા દુનિયાનું પ્રથમ મિલિટરી આર્મી પ્લેન આર્મીને આપવામાં આવ્યું (૧૯૦૯)
- પુનિત મહારાજનું નિધન થયું (૧૯૬૨)
- બ્લેકમેન્સ દ્વારા શિકાગો રેસ રાયોટસ થયા (૧૯૧૯)

● ૨૮ જુલાઈ : વન મહોત્સવ
- ચૌધરી ચરણસિંહ વડાપ્રધાન બન્યા (૧૯૭૯)
- પ્રથમ વિશ્વ યુદ્ધની શરુઆત થઈ (૧૯૧૪)
- અમેરિકાના પૂર્વ પ્રેસિડેન્ટ જહોન કેનેડીના પત્ની જેકલીન કેનેડી ઓનાસીસનો જન્મદિવસ (૧૯૨૯)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

એનડીએ દ્વારા કયા મહિલા ઉમેદવારને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉતારાયા છે ?
જવાબ : દ્રૌપદી મુર્મૂ

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) મુળજીભાઈ પરમાર : સે-૭ (૩) શિવાંગ બી પટેલ : સરગાસણ (૪) મકવાણા જૈમીન કે : સે-૨૪ (૫) મહેશ જાદવ : રાયસણ (૬) મીન પી પટેલ : સરગાસણ (૭) પંકજ પટેલ : કુડાસણ (૮) એન બી ચુડાસમા : સેકટર-૩બી (૯) નટુભાઈ દરજી : પેથાપુર

આ સપ્તાહનો સવાલ

વિપક્ષ દ્વારા કયા નેતાને ઉપરાષ્ટ્રપતિના પદ માટે ઉમેદવાર બનાવાયા છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

'હું કયાં એકેય કામ મારું કે તમારું કરવા આવ્યો છું...' - કવિ નિરંજન ભગત

આ બંધ બેસતી પાઘડી જેને પહેરવી હોય એને છૂટ છે !!

'ફરવા આવ્યો છું...' પનુભાઈ, દરજીભાઈ, પંચાલભાઈ આ સાંભળો. આપણા લબ્ધ પ્રતિષ્ઠ કવિ સ્વ. નિરંજન ભગતની એક સુંદર કાવ્ય રચના છે. તમને સાંભળવી ગમશે... '' કહીને, અમારી ચોકઠા પરિષદમાં નવા નવા જોડાયેલા, સાહિત્ય પ્રેમી યુવાન સ્મિત ભટ્ટે અણારા જવાબની રાહ જોયા વિના, પોતાની ડાયરી ખોલીને કાવ્યપઠન શરૂ કર્યું :

'ફરવા આવ્યો છું....
હું કયાં એકેય કામ
મારું કે તમારું કરવા આવ્યો છું....'

'વાહ....' અમારી મંડળી બોલી ઊઠી... પણ આ જ સમયે ચોકઠા પરિષદમાં એન્ટર થયેલા લાલાકાકા ઉવાચ : વાહ તો ખરું પણ અલ્યા ભટ્ટજી ભગત સાહેબની આ પંક્તિઓ જાણે આજકાલ પ્રજાના પ્રશ્નો પરત્વે અને જનસુખાકારી - જાહેર હિત સંદર્ભે આમ જનતા દ્વારા વારંવાર કરાતી ફરિયાદો તરફ લાપરવાહી દાખવતા કે આંખ આડા કાન કરતા આપણા કેટલાક ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કેટલાક અધિકારીઓ માટે એકદમ 'ફીટ'નથી લાગતી?'

'એટલે ?' ભટ્ટજીએ પૂછ્યું : 'આપણા ઘણા ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ને અધિકારીઓ આવું જ માનતા ને કરતા હોય છે કે 'ફરવા આવ્યો છું... હું કયાં એકેય કામ કરવા આવ્યો છું...?' ઉલ્ટાનું મને તો જાણે એ લોકો મનોમન ગાતા સંભળાય છે કે : હું તો બસ વટ મારવા ચૂંટાયો છું.... હું કયાં કોઈ કામ પ્રજાનું કરવા ચૂંટાયો છું ? હું તો બસ, મારો વિકાસ કરવા આવ્યો છું!!'

હળવે હૈયે
પ્રકાશ લાલા

અંગલે ભગત સાહેબના કાવ્યની કરેલી 'પેરોડી'ની વાત સાવ કંઈ કાઢી નાખવા જેવી નહોતી એટલે સ્મિત શું બોલે ? પણ લાલાકાકાએ કરેલી આવી છેડછાડ - તોડમરોડથી એના સાહિત્ય રસિક જીવે મૂંઝારે જરૂર અનુભવ્યો !!

રેડ અંકલે રંગમાં આવી આગળ ચલાવ્યું : 'અલ્યા ભાઈ, આપણે જેમને ખૂબ વિશ્વાસથી મત આપીને જીતાડીને મોકલ્યા હોય એ આપણને જ ભૂલી જઈને 'હું કોણ ને તમે કોણ ?' જેવું કરે તો શું કહેવું ?'

'હાથના કર્યા હૈયે વાગ્યા.... બાજું શું કહેવાય ?' પંચાલભાઈ મોંમાં માવા-મસાલા સાથે સાચવીને બોલ્યા.

'હાં.... ને એમ પણ કહેવાય ને કે વખાણેલી ખીચડી દાંતે વળગી...' અંકલ ઉવાચ :

'કાકા, આપણે ત્યાં હજી જોરદાર વરસાદ કેમ નથી પડતો ?' દરજીભાઈએ વાતમાં ઝુકાવવાના હેતુથી મમરો મૂક્યો...

'સરકારી તંત્રની પોલ સાવ ખૂલી ના જાય એટલા માટે સ્તો ! થોડા વરસાદમાં ખાડાઓ ખાબોચિયાં વચ્ચેથી રોડ શોધવા પડે છે તો વધારે પડે તો શું દશા થાય ? એટલે જ ગાંધીનગર મનપા ને તંત્રએ પોતાની આબરુ બચાવવા ને 'પ્રિ મોન્સૂન પ્લાનિંગ' ની મસમોટી જાહેરાતોના ધજાગરા થતા અટકાવવા ઉપર 'વરસાદ ડીપાર્ટમેન્ટ' ને 'ભેટ' ધરાવી મનાવી લીધું હશે એમ મને લાગે છે.

'રાઈટ, અંકલ.... જુઓને, વરસાદ ને રોડ પર પડતા ભૂવાનો સંબંધ હવે ગાઢ ઠતો જાય છે. સ્મિત ભટ્ટે બળાપો ઠાલવ્યો...'

'ભટ્ટજી, એમાં એવું છે કે જેમ વરસાદ ને ભૂવાને સંબંધ છે એમ રોડના ભૂવાઓ અને એના રીપેરીંગ કોન્ટ્રાક્ટ આપી કમિશન કરાવવાની વાતનો ય ઘેરો સંબંધ હશે. એટલે... બાકી પેલા ભૂવા ભૂત ભગાડી રાહત આપે... આ 'ભૂવા' આપણા હાડકા ભાંગી ખાટલો આપે છે...'

'સરકાર સ્માર્ટ સિટી સ્માર્ટ સિટીની વાતો કરે છે તે આવી હોય 'સ્માર્ટ સિટી'? પંચાલે માવાની પિચકારી સાથે પ્રશ્ન કર્યો...

'ભાઈ, સરકાર કહે છે કે અમે 'સ્માર્ટ સિટી' બનાવીએ છીએ.

લોકોએ 'સ્માર્ટ' બનવું પડશે. હવે ચોમાસામાં રોડ પર પાણી ભરાઈ જાય કે ખાડા પડી જાય ત્યારે તંત્રને ભાંડવાને બદલે, ખાડા - ખાબોચિયાં - ભૂવાઓ વચ્ચેથી ચાલીને કે વાહન પર સહી સલામત નીકળી જવાય એવી 'સ્માર્ટનેસ' કેળવવી પડશે.

ના, ના... બધું સરકારે જ કરવાનું ? આપણીય કંઈક ફરજ ખરી કે નહીં ?' અંકલે અવળવાણી ઉચ્ચારી ત્યાં એમની વાત પર ખુશ થઈ અચાનક વરસાદના છાંટા શરૂ થયા એટલે બધા ઊભા થાયે ઘર તરફ ભાગ્યા તેથી ચોકટા પરિષદનું ઓટોમેટિક 'અચ્યુત્તમ કેશવમ્' થઈ ગયું !!

દિન મહિમા

- ભારતીય રાષ્ટ્રધ્વજને બંધારણ સભા દ્વારા સત્તાવાર રીતે અપનાવવામાં આવ્યો.
- નેશનલ મેંગો ડે

આજનું

ઔષધ

- ડેન્ગ્યુ કે વાયરસ તાવમાં હાઈગ્રેડ ફિવરથી પીડાતા દર્દીના પીવાના પાણીમાં તુલસીનાં પાન નાખી ઉકાળી અને ગાળી ઠંડુ થયેલું પાણી જ પીવડાવવાથી રિકવરી જલ્દી થાય છે.

ખડખડાટ

- કલેકટરે નગરપાલિકામાં વરસાદની બાબતમાં સમજાવતાં કહ્યું કે....
હવે 'કોઈને કોઈ ડાઉટ કે સવાલ પૂછવો છે ?'
કોઈક બહેને હાથ ઊંચો કર્યો.
બહેન : 'વરસાદ ઈંચમાં પડે છે તો રસ્તા પર પાણી કેમ ફૂટમાં ભરાય છે?'
હોલમાં સન્નાટો...
કલેકટર પાછળના દરવાજેથી છકડો પકડી ભાગી ગયા....

આજનું

વોટ્સએપ

- ગીતામાં કહ્યું છે તું નિરાશ ના થઈશ, નબળો તારો સમય છે તું નથી.